ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

કપડવંજના ધોળીકૂઈમાં લાયસન્સ વગરની દવા બનાવતી મિની ફેક્ટરી ઝડપાઈ | રતવાના નામે લાલ પ્રવાહી પધરાવી વસૂલાતા હતા ઉંચા ભાવ

કપડવંજમાં માસૂમ બાળકોના આરોગ્ય સાથે 'મોતનો ખેલ'

હોમિયોપેથી તબીબ પાંચ વર્ષથી ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટના ધજાગરા ઉડાવી બેરોકટોક ચલાવતો હતો કૌભાંડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૯

ખેડા જિલ્લાના કપડવંજ શહેરમાં માનવતાને શરમાવે તેવી અને માસૂમ બાળકોના જીવ સાથે ચેડાં કરતી ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. કપડવંજના ધોળીકૂઈ વિસ્તારમાં કોઈ પણ પ્રકારના લાયસન્સ કે પરવાનગી વગર ગેરકાયદેસર રીતે દવાઓનું ઉત્પાદન અને વેચાણ કરતા એક હોમિયોપેથી તબીબના કૌભાંડનો ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ પર્દાફાશ કર્યો છે. છેલ્લા પાંચ વર્ષથી આ ગંભીર ખેલ ચાલતો હોવા છતાં સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતા સામે અનેક સવાલો ઉભા થયા છે.

નડિયાદ ખોરાક અને ઔષધ નિયમન તંત્રને મળેલી ચોક્કસ બાતમીના આધારે તારીખ 07/08/2026 ના રોજ ધોળીકૂઈ સ્થિત 'ડોક્ટર બાવીસીવાળાના દવાખાના' પર દરોડો પાડવામાં આવ્યો હતો. અહીં પ્રેક્ટિસ કરતા હોમિયોપેથી તબીબ ડોક્ટર શુભમ સોની દ્વારા કોઈપણ અધિકૃત લાયસન્સ વગર જાતે જ દવાઓ બનાવી તેનું વેચાણ કરવામાં આવતું હતું. આ તપાસ દરમિયાન વેચાણ કે ઉત્પાદન સંબંધિત એક પણ કાયદેસરનો દસ્તાવેજ મળી આવ્યો નહોતો.

પ્રાથમિક વિગતો મુજબ, આ તબીબ બાળકોમાં થતા રતવા (ચામડીનો રોગ) ની સારવારના બહાને પ્લાસ્ટિકની બોટલોમાં લાલ કલરનું શંકાસ્પદ પ્રવાહી ભરીને દર્દીઓને 80 રૂપિયાના ઊંચા ભાવે વેચતો હતો. એક હોમિયોપેથી તબીબ કઈ રીતે એલોપેથીક કે અન્ય કેમિકલ યુક્ત દવાઓ બનાવી શકે અને તે પણ લાયસન્સ વગર, તે બાબતે તંત્રએ લાલ આંખ કરી છે. હાલ તમામ સેમ્પલ લેબોરેટરીમાં મોકલી ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ 1940 હેઠળ ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરાઈ છે.

આ દરોડા બાદ કપડવંજના અન્ય ક્લિનિક્સ અને ફાર્મસીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. હવે જોવાનું એ રહે છે કે આ 'ડ્રગ માફિયા' તબીબ સામે તંત્ર કેટલી કડક કાર્યવાહી કરે છે.

વાલીઓ માટે ચેતવણી: સાવધાન રહેજો!

ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ અપીલ કરી છે કે, નિષ્ણાત પીડીયાટીશિયનની સલાહ વગર 6 માસથી નાના બાળકોને માતાના દૂધ સિવાય કંઈ પણ આપવું જોખમી છે. આવી અજાણી કે બિનઅધિકૃત દવાઓ માસૂમ બાળકો માટે જીવલેણ સાબિત થઈ શકે છે.

સીઝ કરાયેલો મુદ્દામાલ

કુલ મુદ્દામાલની કિંમત: આશરે 66,400
તૈયાર દવા: 100 મિલીની 160 ભરેલી બોટલો
ખાલી બોટલો: 1000 નંગ (મોટા પાયે ઉત્પાદનની તૈયારી)
કેમિકલ જથ્થો: વિટામિન બી કોમ્પ્લેક્સના 4.5 લીટરના 92 કન્ટેનર (અમદાવાદની એજન્સી પાસેથી ખરીદેલ)

તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો

આ કૌભાંડ કોઈ બે-પાંચ દિવસનું નહીં પણ છેલ્લા પાંચ વર્ષથી ચાલતું હતું. રહેણાંક અને ગીચ વિસ્તારમાં એક ડોક્ટર પોતાની મીની ફેક્ટરી ખોલીને બેઠો હોય અને સ્થાનિક આરોગ્ય વિભાગ કે ડ્રગ્સ વિભાગને પાંચ વર્ષ સુધી ગંધ પણ ન આવી, તે તંત્રની ઘોર બેદરકારી અને મિલીભગત તરફ આંગળી ચીંધે છે. શું કોઈ મોટી જાનહાનિ થાય તેની તંત્ર રાહ જોતું હતું? તેવો વેધક સવાલ સ્થાનિકો પૂછી રહ્યા છે.

અંગત પળોના ફોટા વાયરલ કરવાની ધમકી આપી

ખંભાતમાં બે નરાધમ શખસે યુવતી પર દુષ્કર્મ ગુજારાયું

નગરાના શખ્સોએ બ્લેકમેઇલ કરી પીડિતાને હવસનો શિકાર બનાવી

(પ્રતિનિધિ) ખંભાત તા.૯

ખંભાત તાલુકાના નગરા ગામના બે શખ્સોએ એક યુવતીને તેના અંગત પળોના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી, તેને બ્લેકમેઇલ કરીને અવારનવાર દુષ્કર્મ આચર્યું હોવાની આઘાતજનક ઘટના સામે આવી છે. આ મામલે પીડિતાની ફરિયાદના આધારે પોલીસે બંને નરાધમો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ખંભાત તાલુકાના નગરા ગામે રહેતા વિજય રાવજીભાઇ ચૌહાણ અને કિરણ જાદવ નામના બે શખ્સોએ પીડિતા યુવતીના ખાનગી ફોટા અને વિડિયો સાર્વજનિક કરવાની તેમજ તેના પરિવારને બતાવી દેવાની સતત ધમકીઓ આપી હતી. આ ધમકીઓના જોરે આરોપીઓ પીડિતાને બામણવા તથા પેટલાદ ખાતેના વિવિધ સ્થળોએ બોલાવતા હતા અને તેની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધ બાંધતા હતા.

આ બન્ને શખસોના સતત બ્લેકમેઇલિંગ અને માનસિક ત્રાસથી કંટાળીને આખરે પીડિતાએ હિંમત ભેગી કરી સમગ્ર આપવીતી પોતાના પરિવારને જણાવી હતી. જેના આધારે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા, પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી તેમની અટકાયત કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

વૈશાલી ગરનાળાના વિકાસમાં નડતરરુપ પોતાની જ મિલકતો હટાવવામાં તંત્રના વામણા પ્રયાસ

નડિયાદમાં ૩૫ વર્ષ જૂની ૪૨ દુકાનો ખાલી કરાવવા મુદ્દે શાસકોનું મૌન

ઠરાવ નં. ૬૭ માત્ર કાગળ પર, ટ્રાફિકની સમસ્યા વકરવાની ભીતિ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૯

નડિયાદ શહેરમાં અત્યારે વૈશાલી ગરનાળાના નવીનીકરણની કામગીરી વેગમાં છે, પરંતુ સેન્ટ મેરી હાઈસ્કૂલ બહાર રસ્તા પર આવેલી 42 જેટલી દુકાનો આ વિકાસકાર્યમાં મોટો અવરોધ બની રહી છે. રસ્તો પહોળો કરવા માટે આ દુકાનો દૂર કરવી અનિવાર્ય હોવા છતાં, મહાનગરપાલિકા તંત્ર દ્વારા કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. અંદાજે 35 વર્ષ પહેલાં ભાડાપટ્ટે આપેલી આ દુકાનોમાં હાલ નિયમો નેવે મૂકીને પેટા ભાડુઆતો ગોઠવાઈ ગયા છે, જેના કારણે મનપાને આ મિલકતોમાંથી એક પણ રૂપિયાની આવક થઈ રહી નથી. સ્થાનિકોમાં ચર્ચા છે કે તંત્ર અને ભાડુઆતો વચ્ચેની કોઈ આંતરિક સાંઠગાંઠને કારણે આ દબાણો હટાવવામાં આવતા નથી.

નડિયાદ પાલિકામાં વર્ષ 2022માં અન્ય સરકારી દુકાનો ખાલી કરાવવા માટે ઠરાવ નંબર 67 પસાર કરવામાં આવ્યો હતો, પરંતુ આશ્ચર્યજનક રીતે આ 42 દુકાનોને તેમાંથી બાકાત રાખવામાં આવી હતી. જયારે મનપામાં 52 માંથી 51 બેઠકોનું પ્રચંડ સંખ્યાબળ હોવા છતાં શાસકો પોતાના જ ઠરાવની અમલવારી કરવામાં નિષ્ફળ સાબિત થયા છે.

રીડેવલપમેન્ટ થાય તો મનપાની તિજોરી છલકાઈ શકે

નડિયાદ મનપાની હાલમાં આર્થિક સ્થિતિ કથળેલી છે. જો તંત્ર ઈચ્છાશક્તિ દાખવી આ દુકાનો ખાલી કરાવે અને તેનું આધુનિક ઢબે રીડેવલપમેન્ટ કરીને ફરીથી ભાડાપટ્ટા આપે, તો મનપાને માસિક મોટી આવક થઈ શકે તેમ છે. પરંતુ શાસકોને પાલિકાની તિજોરી ભરવામાં કોઈ રસ હોય તેવું જણાતું નથી.

હાઉસિંગ બોર્ડમાં શૂરા અને પોતાની મિલકતમાં પૂરા

નડિયાદ શહેરમાં જ્યારે અન્ય સરકારી કે હાઉસિંગ બોર્ડની મિલકતો ખાલી કરાવવાની હોય ત્યારે મનપા તંત્ર રાતોરાત એક્શન મોડમાં આવી જાય છે. પરંતુ જ્યારે પોતાની જ માલિકીની અને રસ્તા પર નડતરરુપ મિલકતો હટાવવાની વાત આવે છે, ત્યારે આ જ તંત્ર કેમ પાંગળું બની જાય છે તે નગરજનોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

ખાનપુરની સ્કૂલના ધાબા પરથી પડતાં મજૂરનું મોત

સંચાલક અને કોન્ટ્રાક્ટર સામે મોટી બેદરકારી સબબ ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૯

મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના ગાંગટા ગામે આવેલી એબીએસ એજ્યુકેશન સ્કૂલમાં સુરક્ષાના સાધનોના અભાવે એક શ્રમિકે પોતાનો જીવ ગુમાવ્યો છે. સ્કૂલ કેમ્પસમાં ચાલી રહેલા બાંધકામ દરમિયાન ઉપરના માળેથી અચાનક એક ભારે બ્લોક નીચે કામ કરી રહેલા મજૂર પર પડતા તેનું મોત નીપજ્યું હતું.

ખાનપુર તાલુકામાં આવેલી એબીએસ એજ્યુકેશન સ્કૂલમાં ગંભીર બેદરકારી સામે આવી છે. શાળામાં સુરક્ષાના પૂરતા સાધનો જેવા કે સેફ્ટી હેલ્મેટ કે સેફ્ટી નેટ રાખ્યા વિના જ જોખમી રીતે બાંધકામની કામગીરી કરવામાં આવી રહી હતી. શુક્રવારે બપોરના સમયે જ્યારે ૪૦ વર્ષીય શ્રમિક ભલાભાઈ ભેમાભાઈ મછાર મજૂરી કામ કરી રહ્યા હતા, ત્યારે અચાનક ઉપરના માળેથી કશુંક ભારે બ્લોક જેવું તેમના માથા પર પડ્યું હતું. આ બ્લોક પડતા જ ભલાભાઈ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે લુણાવાડા જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

પોલીસ કાર્યવાહી આ ઘટના અંગે મૃતકના ભાઈ રમેશભાઈ મછાર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદના આધારે બાકોર પોલીસે કોન્ટ્રાક્ટર અર્જુનભાઈ હરીદાસ રાવળ અને શાળાના સંચાલક સામે સુરક્ષાના નિયમોનો ભંગ કરવા અને બેદરકારી બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાવાગઢ દર્શન કરવા જઈ રહેલા શ્રદ્ધાળુની કારને થારે અડફેટે લીધી

વાસદ બ્રિજ પર થાર અને કાર વચ્ચે ભીષણ ટક્કરમાં ૨ના મોત

રોંગ સાઈડમાં આવતી થારના કારણે કોલકાતાના બે પ્રવાસીએ જીવ ગુમાવ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.૯

આણંદમાંથી પસાર થતાં નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા વાસદ બ્રિજ પાસે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પુરઝડપે અને રોંગ સાઈડમાં ધસી આવેલી એક થાર ગાડીએ શ્રદ્ધાળુઓથી ભરેલી ઈકો ગાડીને જોરદાર ટક્કર મારતા બે લોકોના મોત નિપજ્યા છે, જ્યારે અન્ય પાંચ લોકો લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ પશ્ચિમ બંગાળના કોલકાતાના વતની અને હાલ આણંદના ગુતાલ ખાતે રોકાયેલા પ્રવાસીઓ વહેલી સવારે કાર લઈને પાવાગઢ દર્શન કરવા માટે નીકળ્યા હતા. સવારના આશરે પોણા પાંચ વાગ્યાના સુમારે જ્યારે આ શ્રદ્ધાળુઓ વાસદ ટોલનાકા પસાર કરીને બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે સામેથી રોંગ સાઈડમાં પુરઝડપે આવી રહેલી થાર ગાડી (નંબરઃ GJ ૦૭ DG ૬૬૫૫) ના ચાલકે ઈકોને સામેથી જોરદાર ટક્કર મારી હતી.

આ ભયાનક અકસ્માતમાં ઈકો ગાડીનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ દુર્ઘટનામાં ગાડીમાં સવાર સંજયભાઈ અને સીમાબેન નામના બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા તેઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા. જ્યારે ઈકોના ડ્રાઈવર નીન્કુ વિશ્વાસ સહિત અન્ય ૪ પ્રવાસીઓને નાની-મોટી ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતા જ વાસદ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે અકસ્માત સર્જનાર થાર ગાડીના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી મૃતકના પરિવારમાં ભારે શોકની લાગણી જન્મી હતી.

નડિયાદના ડભાણમાં ખાળકૂવામાં ખાબકેલી ગાયને ફાયર બ્રિગેડે ઉગારી

નડિયાદ મહાનગરપાલિકા હેઠળના ડભાણ પીએસસી સેન્ટરમાં આવેલા ખાળકૂવામાં રવિવારની વહેલી સવારે એક ગાય ખાબકી હોવાની જાણકારી ફાયર બ્રિગેડને મળી હતી. આ માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમ જરૂરી સાધનો સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ગાય ખાળકૂવામાં ફસાઈ હોવાથી તેને બહાર કાઢવી પડકારજનક હતી, જેથી ફાયર ટીમ દ્વારા જેસીબી મશીનની મદદ લેવામાં આવી હતી. ફાયરના જવાનોએ ભારે જહેમત અને સમયસૂચકતા વાપરીને ગાયને ખાળકૂવામાંથી સહીસલામત અને જીવતી બહાર કાઢી હતી. ફાયર બ્રિગેડની આ ત્વરિત અને ઉત્કૃષ્ટ કામગીરીને સ્થાનિકોએ બિરદાવી હતી.
તસવીર : જશવંતસિંહ રાઠોડ

એનાલોગ પનીર-ચીઝના વેચાણ પર પ્રતિબંધ બાદ કાર્યવાહી

નડિયાદ: ફૂડ વિભાગે ૯ પેઢીમાં તપાસ કરી પાંચ નમૂના લીધા

રૂ. ૨૧૦૦ની કિંમતનો વાસી ખોરાક સ્થળ પર જ નાશ કરાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૯

ખેડા જિલ્લાના નાગરિકોને શુદ્ધ, સલામત અને ગુણવત્તાયુક્ત ખાદ્ય સામગ્રી મળી રહે તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, નડિયાદ દ્વારા સઘન તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ગાંધીનગર કમિશનર દ્વારા ડેરી પ્રોડક્ટ્સમાં પ્રતિબંધિત 'એનાલોગ પનીર' અને 'ચીઝ'ના વેચાણની ચકાસણી કરવા મળેલી સૂચના બાદ તંત્ર હરકતમાં આવ્યું છે.

નડિયાદ શહેર અને જિલ્લાના વિવિધ તાલુકામાં ૮મી ઓગસ્ટના રોજ હાથ ધરવામાં આવેલી કામગીરી અંતર્ગત કુલ ૯ પેઢીઓમાં તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ગુણવત્તાની ચકાસણી માટે કુલ ૫ નમૂના લેવામાં આવ્યા છે. આ તપાસ દરમિયાન આરોગ્ય માટે જોખમી એવા વાસી ખોરાક પર પણ તવાઈ બોલાવવામાં આવી હતી. જેમાં ૨ પેકેટ હોટ ડોગ, ૨ પેકેટ પાવ, ૩ પેકેટ કુલચા અને ૩ કિલો વાસી ગ્રેવી સહિત અંદાજે ૨ કિલો ખાદ્યકચરાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. નાશ કરાયેલા આ અખાદ્ય જથ્થાની અંદાજિત કિંમત રૂ. ૨૧૦૦/- જેટલી થાય છે.

ચારુસેટની આરપીસીપીનો ફાર્મસી કોલેજોમાં દબદબો: 'એ' ગ્રેડ એનાયત

શૈક્ષણિક ગુણવત્તા અને સંશોધનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ મળ્યું રાષ્ટ્રીય સન્માન

(પ્રતિનિધિ) આણંદ તા.૯

ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન રમણભાઈ પટેલ કોલેજ ઑફ ફાર્મસી (RPCP) એ રાષ્ટ્રીય સ્તરે વધુ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા તથા ક્વોલિટી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા (QCI)-NABETના સંયુક્ત રેટિંગ અને રેન્કિંગ ફ્રેમવર્ક અંતર્ગત RPCPને પ્રતિષ્ઠિત 'A' ગ્રેડ એનાયત કરવામાં આવ્યો છે. આ નોંધપાત્ર સફળતા સાથે RPCP હવે દેશની ટોચની ૫૦ ફાર્મસી કોલેજોની યાદીમાં સામેલ થઈ ગઈ છે.

આ સિદ્ધિ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી આગામી પાંચ વર્ષ માટે માન્ય રહેશે, જે તેની શિક્ષણ પદ્ધતિ અને સંસ્થાકીય કાર્યક્ષમતા પર રાષ્ટ્રીય સ્તરની મહોર મારે છે. આ મૂલ્યાંકન પ્રક્રિયામાં કોલેજની શિક્ષણ-અધ્યયન પ્રક્રિયા, આઉટકમ - બેઝ્ડ એજ્યુકેશન, આધુનિક પ્રયોગશાળાઓ, રિસર્ચ, પ્લેસમેન્ટ અને ઉદ્યોગ સાથેના જોડાણ જેવા મહત્વના પાસાઓની નિષ્ણાત સમિતિ દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી.

સમિતિએ ખાસ કરીને વિદ્યાર્થીઓની પ્રાયોગિક કુશળતા અને આઈસીટી આધારિત શિક્ષણ પદ્ધતિના વખાણ કર્યા હતા.

આ અવસરે ચારુસેટના પ્રમુખ સુરેન્દ્ર પટેલ અને પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ સહિતના મહાનુભાવોએ આરપીસીપી પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આ રાષ્ટ્રીય માન્યતા ગુજરાતમાં ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી ફાર્મસી શિક્ષણ આપતી અગ્રણી સંસ્થા તરીકે આરપીસીપીના સ્થાનને વધુ મજબૂત બનાવે છે. આ સફળતા મેનેજમેન્ટ, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓના સામૂહિક પ્રયાસોનું પરિણામ છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225